G.R.J.D. No.5713 of 6-10-11 & C.P.C.27(g.Revised)
G.L.H.D.No. CPC-1059/40093-III of 11-6-59)

૨૮– તહોમતનામું
( જુઓ કલમ ૨૨૧,૨૨, ૨૨૩)

ફો.કે.નં:– ૮૦૩/૨૦૨૫
**આંક– ૦૪**

હું શ્રી નિમિષા ગંગારામભાઈ સુરતી , એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ

તમો આરોપી મહેન્દ્દભાઈ મશરુભાઈ નંદેશરીયા, ઉંમર આશરે ૩૬ વર્ષ, ધંધો :– ખેતી, રહેનાર રાયધ્રા, તા. હળવદ, જી.મોરબીનાઓ ઉપર નીચે મુજબ તહોમત મુકું છું:–

હળવદ પો.સ્ટે.ના પો.સ્ટાફના આ કામના ફરીયાદી અરજણભાઈ રણજીતસિંહ રાઠોડ તથા પો .કોન્સ. દિપકસિંહ દશરથસિંહ કાઠીયા, હળવદ પો.સ્ટે. વિસ્તારમા પ્રોહીબીશન અંગે પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન ફરતા ફરતા રાયધ્રા ગામના પાદરમા આવતા તેઓને ખાનગી રાહે બાતમી મળેલ કે મહેન્દ્દભાઈ ઉર્ફે મેંદે મશરુભાઈ નંદેશરીયા રહે.ગામ રાયધ્રા, તા. હળવદ જી. મોરબીના રહેવાશી પોતાના રહેણાંકના મકાનમા દેશી દારૂનુ ગે.કા. વેચાણ કરી રહેલ છે. તેવી હકીકત મળતા બે રાહદારી પંચોને બોલાવી તે અંગેની સમજ કરી કલાક ૦૦/૪૫ થી કલાક ૦૧/૦૦ સુધીનુ પ્રાથમીક પંચનામુ કરી પંચો સાથે બાતમીવાળી જગ્યાએ કલાક ૦૧/૧૫ વાગ્યે રેડ કરતા મહેન્દ્દભાઈ ઉર્ફે મેંદે મશરુભાઈ નંદેશરીયાના મકાને આવી મહેન્દ્દભાઈના નામની બુમ પાડતા કોઈએ જવાબ નહી આપતા પંચો સાથે સદરહું મકાનમા પ્રવેશ કરતા ત્યાં કોઈ હાજર મળેલ નહી અને સ્થળ પરથી ફળીયામા એક પ્લાસ્ટીકનુ બાચકુ ભરેલી હાલતમા પડેલ જોવામા આવતા બાચકુ ખોલી જોતા તેમા જુદીજુદી પ્લાસ્ટીકની સફેદ કલરનુ પ્રવાહી ભરેલ કોથળીઓ જોવામા આવતા જે ગણી જોતા નંગ–૬૦ હોય જેમા એક કોથળીમા આશરે ૨૫૦ મીલી જેટલુ પ્રવાહી ભરેલ હોય જે પ્રવાહી ભરેલ તમામ પ્લાસ્ટીકની કોથળીઓના મોઢા ખોલી તેમાનું પ્રવાહી સુંઘી સુંઘાડી ખાતરી કરતા તેમા પુષ્કળ અને તીવ્ર દેશી દારૂ જેવી વાસ આવતી હોય જેથી તમામ કોથળીઓમાથી થોડુ થોડુ પ્રવાહી એક બોટલમા આશરે ૨૦૦ મીલી જેટલુ તપાસ અર્થે ભરી લઈ પંચોની સહીવાળી કાપલી મુકી પો.ઈન્સ.શ્રી હળવદના હોદાનુ લાખ દોરા વાળુ સીલ કરી તપાસણીઅર્થે કબજે કરેલ તેમજ સદરહું પ્લાસ્ટીકની કોથળીઓના મોઢા જેમના તેમ બાંધી દેશી દારૂની કિંમત આશરે પંદર લીટર હોય જે એક લીટરના ૨૦૦ લેખે ગણી ૧૫ લીટર દેશીદારૂની કુલ કિંમત રૂા.૩૦૦૦/– ગણી તપાસઅર્થે કબજે કરેલ અને આમ કરીને વગર પાસ પરમીટે ગે.કા. રીતે દેશી દારૂ મળી આવેલ હોય અને તેમ કરીને તમો આરોપીએ પ્રોહીબીશન એકટની કલમ ૬૫એએ મુજબનો શીક્ષા પાત્ર ગુન્હો અમારી હકુમતમા કરેલ છે જેની ઈન્સાફી કાર્યવાહી થવી.

આ ન્યાયાલયના અધિકાર નીચે આવી શકે એવો ગુનો તમે કર્યો છે અને આ ઉપરથી હું આદેશ કરૂં છું કે સદરહુ તહોમત માટે ન્યાયાલય તરફથી તમારા પર કામ ચલાવવામા આવે.

તા:– ૧૯/૦૧/૨૦૨૬

( નિમિષા ગંગારામભાઈ સુરતી )
એડીશ્નલ ચીફ જયુડી.મેજી.હળવદ.
જી.જે.૦૦૭૧૧

ફો.કે.નં:– ૮૦૩/૨૦૨૫

**આંક– ૦૫**

**આરોપીની જુબાની**

**દાહોદના મહે એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની રૂબરૂ હાજર થઈ લખાવુ છુ**

મારૂ નામ :– મહેન્દ્રભાઈ મશરુભાઈ નંદેશરીયા, રાયધ્રા, તા. હળવદ, જી.મોરબી

મારા પિતાનું નામ :– મશરુભાઈ નંદેશરીયા

મારી ઉંમર આશરે :– ૩૬ વર્ષ

ધંધો :– ખેતી

રહેનાર :–રાયધ્રા, તા. હળવદ, જી.મોરબી.

**સવાલ :–** તમોને ફરીયાદીના કેસના કાગળોની નકલો વિના મુલ્યે મળેલ છે ?

**જવાબ :–** હાજી.

**સવાલ :–** તમોને આંક–૦૪ થી ફરમાવવામા આવેલ તહોમતનામા મુજબનો ગુન્હો કબુલ છે કે કેસ આગળ ચલાવવો છે ?

**જવાબ :–** ના જી મને ગુનો કબુલ નથી મારે કેસ આગળ ચલાવવો છે.

તારીખ– ૧૯/૦૧/૨૦૨૬

સ્થળ –હળવદ.

............................................ મારી રૂબરૂ

આરોપીની સહિ.

( નિમિષા ગંગારામભાઈ સુરતી )

એડીશ્નલ ચીફ જ્યુડી.મેજી.હળવદ.

જી.જે.૦૦૭૧૧